

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ઘરના ઘાતકી સામે તો જીભડી બંધ થાય છે!
નિયમો ઘોળી ને પી જનારા સામે અંધ થાય છે!
બંધ થાય છે શિસ્તમાં રહેનારી શાળા-કોલેજો...
કોઈના વાંક પ્રજાની સુવિધાઓ બંધ થાય છે...
(પાડાઓને વાંકે પખાલીને ડામ - ખાય નેતા પ્રજાને ઝાડા)

### હાઈકુ

ગાંઠ્યા નથી!
નફ્ફટ નેતાશ્રીઓ -
નીતિ-નિયમો...

મૂકી દો બાન -
'પ્રચારસભા' પર
ફેલાવે ચેપ...

(કરે કોઈ ભરે કોઈ, નેતાઓને જામ, પ્રજાને ડામ)

### ચિંતન

**અનિત્યાશુચિદુ:ખાનાત્મસુ નિત્યશુચિસુખાત્મખ્યાતિરવિદ્યા ।**

અનિત્ય, અપવિત્ર, દુઃખ અને અનાત્મામાં નિત્ય, પવિત્ર, સુખ અને આત્મબુદ્ધિ અવિદ્યા છે.

અનિત્ય કાર્યમાં નિત્યબુદ્ધિ, દાખલા તરીકે પૃથ્વી ધ્રુવ (નિત્ય) છે. ચંદ્ર તારાઓ વાળો દ્યુલોક ધ્રુવ છે. દ્યુલોકમાં રહેનારા દેવો અમર છે અને અપવિત્ર શરીરમાં પવિત્ર બુદ્ધિ છે. કહ્યું છે : સ્થાનથી, બીજથી, પોષણથી પરસેવો વગેરે રહેવાથી, અને મૃત્યુથી તેમજ કૃત્રિમ સાધનોથી પવિત્રતા લાવવી પડતી હોવાથી પંડિતો શરીરને અપવિત્ર કહે છે.

પરિણામ, તાપ, સંસ્કારનાં દુઃખોથી તેમજ ગુણવૃત્તિ વિરોધીથી વિવેક માટે બધું દુઃખરુપ છે. એ દુઃખમાં સુખબુદ્ધિ અવિદ્યા છે. તથા અનાત્મામાં આત્મબુદ્ધિ એટલે અનાત્મા એવા બહારના ચેતન અને જડ સાધનોમાં અથવા ભોગાધિષ્ઠાન શરીરમાં એન પુરુષના અંદરના કરણરુપ મનમાં આત્મબુદ્ધિ.

વ્યક્ત કે અવ્યક્ત સત્ત્વોને આત્મા માનીને, અન્યની સંપત્તિને આત્માની સંપત્તિ માની આનંદીત થાય, અને એમની વિપત્તિને આત્માની વિપત્તિ માનીને શોક કરે, એ બધા અજ્ઞાની છે.

### સુવિચાર

- ગલત કો ગલત કહને કી ક્ષમતા નહીં હે તો આપકી પ્રતિભા વ્યર્થ હે - **અમૃતબિંદુ**
- લોભી ધનિક કરતાં સંતોષી સાધુ ઘણો સારો - **શેખ સાદી**
- મારા અધઃ પતનનું કારણ માત્ર હું જ છું,
  હું પોતે જ મારો સૌથી મોટો દુશ્મન રહ્યો છું અને મારા દુર્ભાગ્યનું કારણ પણ
  હું પોતે જ છું - **નેપોલિયનના અંતિમ શબ્દો**
- જે પાસાં પકડતાં ડરે એ કયારેય રમત જીતી શકતો નથી - **તિબેટિયન કહેવત**
- સુખ મેળવવું એ અઘરી વાત છે, કેમ કે તે બીજાને સુખી બનાવીને જ મેળવાય છે - **સંત ઓગસ્ટીન**
- સત્યનો અર્થ શબ્દકોશમાંથી નથી મળતો, જીવનકોશમાંથી મળે છે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : લવિંગના તેલને ગરમ પાણીમાં ઉમેરી કોગળા કરવાથી પેઢાની સમસ્યામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગુરુના આશ્રમમાંથી શિક્ષા સંપૂર્ણ થતા અને ગુરુની પરિક્ષામાંથી ઉત્તીર્ણ થતાં ઘરે જવાની અનુમતિ માંગી. ગુરુને લાગ્યું કે આ શિષ્યની હજી એક પરીક્ષા કરવી જોઈએ. એમને શિષ્યને વધુ સાત દિવસ રોકાઈ જવાનું કહ્યું. છેલ્લી પરીક્ષા કરવા ગુરુએ સાંજે અગ્નિ સળગાવ્યો. થોડીવારમાં ધૂડપી નીકળી ગઈ અને ફક્ત રાખ પડી રહી. ત્યારે ગુરુએ શિષ્યને બોલાવીને કહ્યું, 'મારે થોડી આગની જરૂર છે, તો પેલી ધૂણીમાંથી કાઢી લાવ.' શિષ્યએ ધૂણીને ચારે બાજુથી ફેંદી, એમાં ફક્ત રાખ જ હતી. અગ્નિ ન હતી. એણે જઈ ગુરુને કહ્યું, 'ગુરુજી, આમાં આગ નથી, આપ કહો તો હું કયાંક બીજેથી આગ લઈ આવું.' ગુરુએ કહ્યું, 'વત્સ, બીજે કયાંક જવાની જરૂર નથી, મને તો આ ધૂણીમાં જ સાક્ષાત અગ્નિનાં દર્શન થઈ રહ્યાં છે. તું ફરી મહેનત કર અને એમાંથી અગ્નિ કાઢી આપ.' ગુરુની આજ્ઞા હોવાથી શિષ્યે ફરી ધૂણી ફેંદવાનું શરૂ કર્યું. પણ ધૂણી તો સાવ બુઝાઈ ગઈ હતી. માત્ર રાખ જ રહી હતી. તેમાં આગ તો શું એક અંગારો કે તણખોય ન હતો. આથી શિષ્ય ફરી ગુરુ પાસે આવ્યો અને કહ્યું, 'ગુરુજી, આમાં જરાય અગ્નિ નથી, હું કેવી રીતે તમને લાવી આપું?' ગુરુએ ફરી આગ્રહ કરી કહ્યું કે જુઓ શોધો અને તેમાંથી અગ્નિ લાવો. શિષ્યએ ફરી ધૂણી ફેંદી પણ અગ્નિનો અંશ ન મળ્યો. તે પાછો આવ્યો. ગુરુએ વિનમ્રતાથી વાત કરી, ત્યારે ગુરુએ શિષ્યને વ્હાલથી ભેટી પડતા કહ્યું, 'ભાઈ, તું મારી અંતિમ પરીક્ષામાં પણ ઉત્તીર્ણ થયો છું. હું પરીક્ષા લેતો હતો કે તારા ચિત્તમાં હજી પણ ક્રોધની થોડી આગ રહી છે ખરી? પરંતુ તે એના પર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો છે.' આમ કહીને ગુરુએ શિષ્યને આશીર્વાદ આપ્યા અને શિષ્યએ વિદાય લીધી.

# વિદૂષકો દરેક યુગમાં પેદા થતા રહે છે

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ બેઉ માટે શિરોવેદના સમાન બની રહેલ ઉત્તરાખંડના નવા મુખ્યમંત્રી તીરથસિંહ રાવત એમના ભાથામાંતી રોજેરોજ નવું તીર છોડતા રહે છે. બરખાસ્ત કરાયેલા મુખ્યમંત્રી સામે પાર્ટીના જ ધારાસભ્યોની નારાજગી હતી એથી પાર્ટીના હાઈકમાન્ડ અર્થાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંઘના પ્રખર સમર્થક - પ્રચારક એવા સંનિષ્ઠ નેતાને રાતોરાત ગાદીએ બેસાડી દીધા હતા. ત્યારે એમને સ્વપ્ને પણ કલ્પના નહીં હોય કે સિંહાસન પર આરૂઢ થતાંની સાથે વિક્રમ - વૈતાળની બત્રીસ પૂતળીઓની જેમ તીરથસિંહ પોતે જ અવનવાં ગતકડાં કાઢી પ્રજાનું મનોરંજન કરવા લાગશે. શરૂઆત મહિલાઓ, સવિશેષ યુવતીઓ દ્વારા પહેરવામાં આવતા ફાટેલાં જિન્સથી કરવામાં આવી, તીરથસિંહ મર્યાદા પુરુષોત્તમ છે એટલે એમને યુવતીઓના ઘૂંટણ દેખાય એ મુદ્દલ ગમતું નથી. જો કે એમના આ અભિપ્રાય સાથે ઘણા બધા સિનિયર સિટીઝનો સહિત ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા એવા અસંખ્ય પાર્ટીથી પર નાગરિકો પણ સહમત હોઈ શકે છે. પરંતુ આ તો દેખાદેખીની ફેશનનો જમાનો છે. યુરોપ અમેરિકાથી ઊતરી આવતી કઢંગી ફેશનને તાબડતોબ અપનાવી લેવામાં આપણી નવી પેઢીને ગૌરવ લાગે છે. બોલીવુડની અભિનેત્રીઓ ફાટેલાં જિન્સ પહેરેલી હોય તો અમ શો ગુનો કર્યો ? આપણી બહેન દીકરીઓ સેકસી દેખાવા માટે નહીં પણ વૈશ્વિક પ્રવાહો અને જીવનશૈલી સાથે ઍટ પાર રહેવા માટે આવાં વસ્ત્રો પહેરતી હોય તો નવાઈ નહીં. મુખ્યમંત્રી થયા અને તે પણ ઉત્તરાખંડ જેવી દેવભૂમિના, એથી તીરથસિંહનો માંહ્યલો મૂંગો નહીં રહી શક્યો હોય એવું લાગે છે. જો કે અગાઉની મિનિ સ્કર્ટ વાળી ફૅશન કરતાં ફાટેલાં જિન્સવાળી ફૅશનમાં તો મહિલાઓ એમનું સૌંદર્ય બહુ જ જૂજ પ્રમાણમાં પ્રદર્શિત કરે છે, એ પણ સમજવું જોઈતું હતું. હવે આપણે એકવીસમી સદીની મહિલાઓને આપણો પરંપરાગત ઘાઘરો પહેરવાની શિખામણ આપીશું તો એ થોડી માનવાની છે? તીરથસિંહના ઉપદેશનો ઘેરો પ્રતિકાર થયો છે. એથી એ મુદ્દે ક્ષમાયાચના કરી એમને બીજા રસિક મુદ્દાઓ છેડ્યા છે. એમણે અમેરિકા પર નિશાન તાકીને જણાવ્યું છે કે આપણને અમેરિકાએ બસો વર્ષ સુધી ગુલામ રાખ્યા ! હકીકતમાં તેઓ અમેરિકાને બ્રિટનનો પર્યાયવાચી શબ્દ માનતા લાગે છે. લોકોને તો એમના આવાં નિવેદનોથી મનોરંજન જ મળે પણ મહાન ઈતિહાસસર્જક વડાપ્રધાનનો જીવ જરૂર આકળવિકળ થતો હશે એમાં શંકાને સ્થાન નથી. સંઘ સરકાર્યવાહક હોસબોલે એ આ મહાનુભાવનાં નિવેદનો સામે નારાજગી વ્યક્ત નથી કરી પણ એટલું જરૂર કહ્યું છે કે એ એમનાં નિવેદનોની સ્પષ્ટતા કરવા તેઓ પોતે જ સક્ષમ છે. એની સાથે સંઘને જોડવો બરાબર નથી. બાકી રહી જતું હતું એવું એક 'બ્રહ્માસ્ત્ર' પણ આ વીરપુરુષે છોડી જ દીધું છે. લોકડાઉન દરમિયાન ગરીબ પરિવારને વ્યક્તિદીઠ અનાજનો ક્વોટા ફાળવાતો હતો. બે બાળકો વાળા પરિવારોએ વધુ બાળકોવાળા પરિવારોને ફાળવાતા વધુ જથ્થા અંગે નારાજગી વ્યક્ત કરી તો એમણે સરસ પ્રતિક્રિયા પાઠવી કે ભૈયા, અબ પછતાયે હોય કયા, જબ ચિડિયા ચુગ ગઈ ખેત! તમારે પણ બીજાઓની જેમ વીસ બાળકો પેદા કરવા હતાં ને ! કોણે આડો હાથ રાખ્યો હતો ? તીરથસિંહના આ વિદૂષકવેડા સ્ટ્રેસમાં રહેતાં રાજકારણીઓનું પણ મનોરંજન જ કરતા હશે, પરંતુ બહારની દુનિયા આગળ તો પાર્ટી અને પાર્ટીના હાઈકમાન્ડ મીન્સ માનનીય મોદીસાહેબ માટે અકળામણ જ અનુભવવી પડતી હશે. મીડિયાને સરસ મુદ્દા મળતા રહે છે. તીરથસિંહ પ્રખર રાષ્ટ્રભક્ત છે. એમને બહુ જ સ્પષ્ટ શબ્દોમાં ખોંખારીને કહી દીધું છે કે જો દેશને મોદીજીનું ઐતિહાસિક નેતૃત્વ ન સાંપડ્યું હોત તો દેશ અત્યાર સુધીમાં એની ઓળખ ગુમાવી ચૂક્યો હોત.... દેશને ઉગારનાર હોય તો તે આપણા માનનીય વડાપ્રધાન જ છે ! હવે આવા પરમ ભક્તજનને ટપારવો પણ કઈ રીતે? મોદીજી જરૂર મંઝાતા હશે!

# હવા મહીં કો વેરતું, આછો અબીલ ગુલાલ...

હોલિયા મેં ઊડે રે ગુલાલ

કહીયો રે મંગેતરસે.... ખુબ જાણીતું આ રાજસ્થાની ગીત ગાતા ગાતા દીકરી આવી... અને કહે કે 'ડેડી, તમે નાના હતા ત્યારથી હોળી-ધૂળેટીને કેવી રીતે ઉજવતા હતા?... ચાલો આજે તો એની વાતો કરો...'

કિશોરાવસ્થાની આ જ સુધીની હોળી - ધૂળેટીના પ્રસંગો સાથે ધૂળેટીમાં રંગોત્સવ માણનારા પરિવારજનો - પ્રિયજનો - પડોશીઓ, મીઠાઈને પૂજાને કેટકેટલું યાદ આવી ગયું. અનેક કાર્યક્રમોની સ્ક્રીપ્ટ માટે કરેલું રિસર્સને લેખન યાદ આવ્યું... ખુબ વાતો કરી અને રંગોત્સવ જાણએ એ ક્ષણોમાં જ ઉજવ્યો.

ધૂળેટી રંગોનો તહેવાર આ. બાળકને લઈને વૃદ્ધ, સહુને ગમતો તહેવાર. ઉંમરનાં વિવિધ તબક્કે વિવિધ રીતે માણે છે. માણસ માત્ર ધૂળેટીને. કેલેન્ડર બતાવે છે કે એક દિવસનો આ ઉત્સવ છે પરંતુ વૃંદાવન - બરસાનામાં તો એકાદ મહિના પહેલાથી જ આ ઉત્સવનો આરંભ થઈ જાય. આવું જ આદિવાસી વિસ્તારના લોકોમાં પમ આ તહેવારનું મહત્ત્વ છે, ધૂળેટી પહેલા જ ઘેરૈયાઓ ઉત્સાહથી આ તહેવારને વધાવી લે છે. હિન્દુ મંદિરોમાં આ ઉત્સવ નિમિત્તે ફૂલ-દોલોત્સવ યોજાય છે અને ભક્તો ધૂળેટીને વધાવે છે.

ધૂળેટીનો રંગોત્સવ માત્ર બાહ્ય રીતે જ રંગે છે એવું નથી, એ રંગે છે પ્રેમના રંગોથી પ્રિયજનોને. સાહજિકરુપે સ્મરણ કરીએ તો એવી અનેક ધૂળેટી યાદ આવે જયારે જયારે ટોળામાં એકાદ ને રંગવા માણસ ઉત્સાહિત થયો હોય... એના તરફથી ઉડતા રંગો સ્પર્શ અને આખુંયે જીવન જાણે રંગાઈ જાય. એક છોકરાને છોકરી અનાયાસ મળે છે ધૂળેટીમાં... અજાણ્યા ચહેરા પર લગાવેલો ગુલાબ અને અજાણી વ્યક્તિએ પીચકારીથી ભીંજવ્યાની એ ક્ષણ... પ્રેમનો આરંભ અહીંથી જ થાય છે. કવિઓએ અદ્ભૂત કલ્પના કરી છે આંખમાંતી ઊડતા ગુલાબની.... ઉમાશંકર જોષી લખે છે,

હવા મહીં કો વેરતું, આછો અબીલ ગુલાલ,
હસી ઊઠે છંટાય
ત્યાં, હૈયા લાલમલાલ.
અહીંયે છંટાય,
વળી તહીંયે છંટાય,
હૈયે છંટાય
લાલલાલ, આંખમાંથી ઊડે
ગુલાલ.
ફાગણના ફાગને
હૃદયમાં ઝીલવાનો,
કેસુડાના રંગ રંગાઈ જવાનું,



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

ગુલમહોરના વૃક્ષ નીચે ઉભા રહીને કલાકો સુધી વાતો કરવાની, ઉડતા પંતગીયાના રંગોથી જાણે આપણા મનનું આકાશ પણ છવાઈ જાય... પ્રેમનું મેઘધનુષ રચાઈ જાય. લાગણીઓની છાલક દેખાય નહીં અને તન-મનને ભીંજવ્યા કરે... ગુલાબજળ રૂંવે રૂંવે ગુલાબીપણું પ્રગટ કરી દે... વાતાવરણમાં ગુંજે હોરી - રસિયાળાના ગાયનનો ગુંજારવ...

આજ બીરજમેં હોરી રે રસિયા,
બરજોરી રે રસિયા

મસ્તી - સંગીત - નૃત્ય અને ગુલાબ... પીચકારીની ધાર... આંખોમાંથી પ્રગટતા પ્રેમની એ દિવ્ય અનુભૂતિ, એક નાજુક સ્પર્શથી થતો આ અકથ્ય રોમાંચ... બધું જ બધ્ધું જ આનંદ અને પ્રસન્નતા સાથે ઉર્જા અને ઉલ્લાસ સાથે જોડી આપનાર હોય છે. અને હા... એ સ્મરણો આજે પણ જીવનને મધુર સંગીતના સૂરોથી સજાવે છે, એ રંગ, એ સુગંદ આજે પણ અસ્તિત્વને પ્રેમથી તરબતર કરી દે છે. પ્રેમનો રંગ ધીમે ધીમ સાવ અજાણતા ગેરુએ રંગ બની જાય છે, એવું પણ ઘણીવાર બને છે. સૂરી પરંપરામાં એથી તો અનેક પદો રચવાઓ લખાઈ અને ગવાઈ છે.

આજ રંગ હૈ એ માં રંગ હૈરી,
મેરે મહબૂબ કે ઘર રંગ હૈરી.

વીતેલા સમય માટે આમ તો બ્લેક એન્ડ વ્હાઈટ રંગ પ્રતિકરુપે ગણાય છે, પરંતુ સ્મરણો, એમાં પણ રંગોત્સવના સ્મરણો જયારે જયારે મન-હૃદય પર છવાય ત્યારે એ વર્તમાન ક્ષણમાં પણ આપણને રંગી દે છે. આપણી પરંપરાઓ માનસી પૂજાનું મહત્ત્વ છે રંગોત્સવના સ્મરણો એક અર્થમાં માનસી રંગોત્સવ જ છે ને!!

અને જેમની સાથે રમ્યા હોઈએ રંગોત્સવ એ સિવાય પણ એવા કેટલાક ચહેરાો હોય છે જેમની સાથે રહ્યા હોઈ એ પણ એમની સાથે રંગોતસ્વ બાહ્ય રુપે ન માણ્યો હોય!! બાકી એમના વ્યક્તિત્વની - પ્રેમની આભાએ અંદરથી આપણને રંગી જ નાખ્યા હોય. રંગોત્સવ એવા ચહેરાઓ અને એવી ધૂળેટીનું પણ સ્મરણ કરાવે છે ત્યારે રંગોત્સવના છાંટણાથી અસ્તિત્વ રંગાઈ જાય છે.

# એક તો કાળમૂખો કોરોના ઉપરથી બેરોજગારીનો માર ! હે પ્રભુ...

આ કાળમૂખો કોરોના આપણને માત્ર શારીરિક, માનસિક જ નહીં આર્થિક રીતે પણ પાયમાલ કરી રહ્યો છે. ભલભલા ચમરબંધીઓની કમર બેવડ વળી ગઈ છે. ગઈકાલે એક મિત્ર મળ્યો. સૌરાષ્ટ્રનો છે. તેના પિતા અને એ બંને એક હિરાની ઘંટીમાં કામ કરતા હતા અને આપણે જાણીએ છીએ તેમ છેલ્લાં બાર મહિનાથી હજારો નાના-મોટા લોકોની રોજગારી છીનવાઈ ગઈ છે. મંદીનો અજગર બાપ-દીકરા બંનેને ઓશિયાળી અને લાચાર સ્થતિમાં મૂકીને રોજગારને ગળી ગયો. સમગ્ર વિશ્વમાં આર્થિક કટોકટીએ માઝા મૂકી દીધી છે. સામાન્ય હિરાઘસુઓથી માંડીને અમેરિકાના આઈ.ટી. કંપનીના કપ્યુટર એન્જિનીયર સુધીના દરેક આનો ભોગ બની રહ્યા છે. દેશની આર્થિક કટોકટીએ કરુણ સામાજિક કટોકટીનું સર્જન કર્યું છે.

'બેરોજગારી' એક સર્વોપરી ઉપાધિ છે. ઉપાધિ એ હિન્દી-સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ ડિગ્રી એવો થાય છે, પણ આ ઉપાધિ એ ખરેખર વ્યાધિરૂપ ઉપાધિ બની રહે છે. તમારી કોઈ પણ ભૂલ વગર દુનિયા તમને એવા વળાંક પર લાવીને મૂકી દે છે જેમાં તમે લાચાર અને ઓશિયાળા થઈ જાવ. પોતાની જાત પ્રત્યે હીનતાનો ભાવ ઊપજે. જીવનભર ક્યારેય અપમાનબોધ ન અનુભવ્યો હોય તેવો અનુભવ ત્યારે થાય જયારે કોઈ પૂછી લે કે-''કયાં છો હમણાં ? શું કરો છો?'' આવો પ્રશ્ન પૂછાય ત્યારે હૃદય ફાટ-ફાટ થાય છે. વિધ્નસંતોષીઓની ગીધ જેવી નજરો ઊભેઊભી સળગાવી દે છે. એવું મન થાય કે સીતાની જેમ ધરતી માતાને કહીએ કે હે મા !જમીનમાં માર્ગ કરી દે.ઙ્ગ નજર નીચી રાખીને પગના અંગૂઠાથી જમીન ખોતરવી- આવી સ્થિતિમાં તો જે હોય તે જ અનુભવી શકે.

ઓ ભગવાન તને ખબર છે કે આ તારો અત્યાચાર છે. ક્રૂરતા છે. એકવાર નીચે આવીને મધ્યમવર્ગની એવી વ્યકિતની જીંદગી અવેજીમાં જીવીને જો કે જેની દીકરી ત્રીજા ધોરણમાં ભણતી હોય, પુત્ર પહેલામાં હોય, સ્કૂલની ફી, શાકભાજી, કરિયાણું , લાઈટબીલ, ટેલિફોનબીલ ભરવાના હોય. કોઈપણ મોજશોખ વગર જીવન જીવતા હોવા છતા ઘરખર્ચના બે છેડા ભેગા કરતી પત્ની માંડ માંડ બધું પાર પાડતી હોય, ઘરનું આવું ચિત્ર હોય અને એક ધક્કો ઓરે આવે કે નોકરી ચાલી જાય. આવી પરિસ્થિતિમાં આવી તો જુઓ પ્રભુ ! અને હા વળી તમારી પાસે તો અહીંની કોઈ યુનિવર્સિટીની ઉપાધિ (ડિગ્રી) પણ નથી. તો પછી શું થશે તમારું ?

ઉંમરનો પ્રારંભિક તબક્કો હોય અને કોઈ વિશેષ જવાબદારી માથે ન હોય ત્યારે ઉપાધિના કાગળીયા લઈ લઈને ઈન્ટરવ્યુ માટે મુફલિસની જેમ આંટા મારીએ એ અલગ વાત છે પણ એકધારી અમુક વર્ષો સુધી ૧૦ થી ૬ની નોકરી કરે રાખી હોય; શેઠિયાને ત્યાં હાજરી પૂરાવીને તે દરમિયાન પોતાને સોંપાયેલું કામ નિષ્ઠાપૂર્વક કરીને સમયસર ઘરે આવવાનું જેને આવડે છે; નવા સાહસ કરીને માર્ગ કંડારવાની એ ઉંમર નથી હોતી. આયુષ્યના મધ્યાંતરે પથ્થરને પાટું મારીને પાણી કાઢવું કપરું બની જાય છે. સમગ્ર પરિવારને લઈને દર-દરની ઠોકર ખાવી એ ઈશ્વરની ક્રૂરતા છે.

ના... અહીં એવા સટોડિયાની વાત નથી જે લાખોની અને કરોડોની ઉથલપાથલ કરતા હોય. ગઈકાલે હોન્ડા સીવિકમાં કે મર્સિડીઝ બેન્ઝ 'ઈ' કલાસમાં ઘૂમતા હતા, અને આજે શેરબજારમાં બધું જ ગુમાવીને રસ્તા પર આવીને બેઠા છે. એ બધા દયાને પાત્ર છે કારણ કે એક સામટું ઘણું બધું મેળવવા તેમણે જુગાર ખેલ્યો હતો અને તેમાં જેમ ઘણું મળી જાય છે તેમ ઘણું બધું છીનવાય પણ જાય છે. એમાં ઈશ્વરને દોષ ન અપાય. એ બધા દયા ખાવા લાયક છે.

પણ અહીં તો એવી વ્યકિતની વાત છે જે સીધી લીટીનો છે. બિચારો બાપડો. આ સીધી લાઈનની વ્યકિત ૧૦ થી ૬ શાંતિથી નોકરી કરીને કોઈ જ મોટી અપેક્ષા કે ભૌતિકતાના ખોટા સપના જોયા વગર પોતાની અને પોતાના પરિવારની જીંદગી વ્યતીત કરવાની ઈચ્છા ધરાવે છે. આવા કોમનમેનના પગ નીચેથી જમીન સરકી જાય છે જ્યારે કોઈ નોટિસ કે કારણ વગર નોકરી છૂટી જાય ત્યારે લાચાર વ્યકિત શું કરે ? અને બિચારો બેરોજગાર, બેકાર મધ્યમવર્ગીય વ્યકિત બદનામ હોય છે. સમાજ પ્રામાણિકતા, ઈમાનદારી, સચ્ચાઈની મૂડી કયાં જુએ છે- એ તો બેંક બેલેન્સ અને રીયલ એસ્ટેટના રોકાણ પરથી જ વ્યકિતત્વનું આકલન કરે છે. એની નજરો સતત તમને અહેસાસ કરાવે છે કે 'you are looser'. બેરોજગારીનું આભૂષણ જાણે ગળામાં ફંદો બનીને લટકતો રહે છે. જે પહેલા મળીને હસતા હતા એ હવે મળીને હસતા હોય છે.



**વિચારયાત્રા**

ડૉ. જય ઓઝા

શ્રી વિપિન પરીખની ભગવાનને પ્રશ્ન કરતી કવિતા કદાચ વધારે સચોટ રીતે વસ્તુસ્થિતિનું ચિત્રણ કરશે...

હરિ,
તને લાચારીનો રોટલો પીરસવામાં આવે
તો તું શું કરે?
જમે-પાછો ઠેલે?
તને આમંત્રણ આપવામાં આવે
ને પછી
મોં સામે ફટાક કરી
બંધ કરવામાં આવે જો દ્વાર
તો, તારા નયન શું કરે ?
ભભૂકી ઉઠે ? રડી પડે?
માર્ગમાં નિર્દોષ ભાવે કોઈ પ્રશ્ન પૂછી બેસે
''ક્યાં છો હમણા?''
તો તું શું કહે ? જમીન શોધે ?
દસથી છ કામ પર ગયાનો ડોળ કરી
સાંજે ઘરે પાછો ફરે
અને રીટા ત્યારે પૂછે :
''પપ્પા શું લાવ્યા?''
ત્યારે, તું મુઠ્ઠી ખોલે કે બંધ કરે?
રાત્રે, પથારીમાં કણસતાં કણસતાં
પડખું બદલતાં
કોઈ ઘેનભર્યા સ્વરે પૂછે :
તમને ઊંઘ નથી આવતી
તો, તું સુવાનો ઢોંગ કરે?
હરિ, તું શું કરે?

- jayuoza@gmail.com,
Mo.9898046488

# 'મારી સાથે ચકલીઓ પણ ઘર વસાવશો...'

બે દિવસ પહેલા ૨૦મી માર્ચ ૨૦૨૧ હતી. એમાં નવું શું એ તો દર વર્ષે આવે જ છે ને ? હા, આ દિવસ નોખો છે. આ દિવસ 'વર્લ્ડ સ્પેરો ડે' તરીકે ઉજવાય છે. અને એટલે જ પ્રતિવર્ષ માર્ચ તારીખ ૨૦નું અલગ મહત્વ રહે છે. વર્ષો પહેલા ૧૯૫૮માં ચીનમાં કોમ્યુનિસ્ટ પાર્ટીના ચેરમેન માઓ ઝીડોંગ હતા. એમણે ચાઈનાની બેહાલ આર્થિક સ્થિતિના સુધાર માટે લોકોની જીવન શૈલીમાં બદલાવ લાવવા ચાર મહત્વના કેમ્પેઈન લોન્ચ કર્યા હતા. આ કેમ્પેઈનમાં એક મુદો ચીનમાંથી ચકલીઓને નેસ્તનાબૂદ કરવાનો હતો. ઝીડોંગ માનતા હતા કે ચકલીઓ દેશના કૃષિ ઉત્પાદનને બહુ મોટું નુકસાન કરે છે.



ઝીડોંગની અપીલના કારણે છ સાડા છ દાયકા પહેલા ચીનાઓએ સાગમટે લાખો ચકલીઓની કતલ કરી નાખી. આના દુષ્પપરિણામો એવા આવ્યા કે, બીજા જ વર્ષથી ચીનના ખેડૂતોના ખેતરોમાં જીવજંતુઓનો ઉપદ્રવ ખૂબ વધી ગયો. ઊભો પાક નષ્ટ થઈ જવા લાગ્યો. ખેત ઉત્પાદનો અત્યંત ઘટવા લાગ્યા. આર્થિક અરાજકતા અને દુષ્કાળના કારણે ૪૫ લાખ ઉપરાંત ચીનાઓ મોતને ભેટ્યા. લોકો ભોજન માટે વલખા મારવા લાગ્યા. માણસ માણસને મારીને ખાવા લાગ્યા હતા. અંતે ચીનના સત્તાવાળાઓને સમજ પડી કે આના મૂળમાં ચકલીઓનો વિનાશ છે. માઓએ ચકલીઓને મારવાનો આદેશ પાછો ખેંચ્યો પછી ચકલીઓને ચીનમાં પાછી લાવવાની ઝૂંબેશ આરંભાઈ.

યુરોપ અને એશિયા ખંડમાં દરેક જગ્યાએ જોવા મળતું સરેરાશ ૧૬ સેન્ટીમીટર લંબાઈ ધરાવતું અને ૨૪થી ૪૦ ગ્રામ વજનવાળું આ ટચુકડું પક્ષી ખેતરોમાંથી જીવજંતુ ખાતું હોઈ ખેડૂતોના પાક્કા મિત્રની ભૂમિકા ભજવે છે. જીવ વૈજ્ઞાનિકોના મંતવ્ય અનુસાર વિશ્વમાં ૪૩ જેટલી ચકલીની પ્રજાતિઓ જોવા મળે છે. વધુ પડતી ગરમી, શહેરીકરણની આંધળી દોટ, બેફામ વૃક્ષ છેદન, અતિશય પ્રદૂષણ, જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરના હદથી વધારે ઉપયોગથી ચકલીઓની સંખ્યા દિનપ્રતિદિન ઘટતી જાય છે. આ ઉપરાંત મોબાઈલ ટાવરના વેવ્સના કારણે ચકલીઓનું મોટા પ્રમાણમાં નિકંદન નીકળી રહ્યું હોવાનું માનવામાં આવે છે. ચકલી એક એવું પંખી છે કે, જે સદાય પ્રસન્નચિત્તે ચીંચીં કરી આસપાસનું વાતાવરણ પ્રફુલ્લીત રાખે છે. પરંતુ ચકલીઓની વસતી ચિંતાજનક રીતે ઘટતા વર્ષ ૨૦૧૦માં માર્ચ તારીખ ૨૦ને 'વિશ્વ ચકલી દિવસઙ્ગ તરીકે સૌ પ્રથમ વખત ઉજવીને જગત આખામાં ચકલીઓના સંવર્ધન માટે સંનિષ્ઠ પ્રયાસો આરંભાયા.

મહેસાણાના વિસનગર તાલુકાના થલોટા ગામના એક યુવાન રાહુલે ચકલીઓના સંવર્ધનની દિશામાં સરસ પ્રયોગ કર્યો. અનુસ્નાતકનો અભ્યાસ કરીને એક નેશનલ કંપનીમાં જોબ કરતા રાહુલના વર્ષ ૨૦૧૯માં જ્યારે લગ્નની વાત પાકી થઈ ત્યારે એણે પરિવારમાં એક પ્રસ્તાવ મૂક્યો કે, 'મારું ઘર હું વસાવવા જઈ રહ્યો છું ત્યારે ચકલીઓના ઘર પણ વસે એવું કંઈક મારે કરવું છે.' જ્યારે રાહુલે એનો આ વિચાર મૂક્યો ત્યારે એના માતા પિતાએ કહ્યું 'શું કરવું છે તારે ?' રાહુલે કહ્યું, 'નિમંત્રણ અને કંકોત્રીમાં હજારો રૂપિયા વેડફાઈ જાય છે. કોઈને એનું મહત્વ નથી હોતું ત્યારે હું મારી કંકોત્રીમાંથી ચકલી ઘર બને એવી પુંઠાની કંકોત્રી બનાવીશ.' વડીલોને રાહુલની આ વાત ન ગમી. એમણે કહ્યું, 'બેટા આ તારું ગાંડપણ છે. આવું આપણા સમાજમાં કોઈએ નથી કર્યું. તું આમ ન કર.' પરંતુ રાહુલ એની વાત ઉપર અડગ રહ્યો. અંતે માતાપિતા સંમત થયા. રાહુલે પુંઠાનુ ચકલી ઘર બનાવી એની ઉપર લગ્નની નિમંત્રણ પત્રિકા બનાવી. મિત્રો, સગા અને સ્નેહીઓને એ મોકલતા સૌ કોઈને સાનંદાશ્ચર્ય થયું.

લગભગ બધા જ મહેમાનોએ રાહુલે મોકલેલા પુંઠાની કંકોત્રી ફોલ્ડ કરી ચકલી ઘર બનાવી તેમના ઘરમાં રાખી ચકલીઓને આવકારવાનું કામ કર્યું. સેંકડો ચકલીઓ આનંદથી ચીં ચીં કરતી એ લોકોના ઘરમાં ઉડા ઉડ કરવા લાગી. ઘણા મિત્રો અને સગાવહાલાઓએ રાહુલને એમના આંગણામાં લાગેલા ચકલી ઘરમાં મોજ કરતી ચકલીઓના ફોટા પાડી શેર પણ કર્યા. રાહુલ અને એની તબીબ પત્ની આનાથી ખૂબ પ્રફુલ્લિત થયા. રાહુલના ઘણા મિત્રો પણ એના આ વિચારને આગળ ધપાવવા એમના પ્રસંગમાં પણ આવો પ્રયોગ કરવાનુ વિચારી રહ્યાં છે. એક સારા વિચારને કેવો અદભુત પ્રતિસાદ સાંપડે એનુ આ ઉત્તમ ઉદાહરણ છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ પણ રાહુલના આ વિચારની પત્ર પાઠવી સરાહના કરીને રાહુલને શુભેચ્છાઓ આપી છે.



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

એક યુવાનની આ વાત અત્યંત પ્રેરણાદાયી છે. સાહિત્ય સર્જકો અને કવિઓએ પણ ચકલી માટે શબ્દોથી ફુલડા ચડાવ્યા છે. થોડા સમય પહેલા કવિ જિતેન્દ્ર જોશીએ સ્કૂટરના સાઈડ મીરરમાં ચાંચ મારતા ચકલાને જોઈને એક સુંદર કવિતા લખી હતી એ યાદ આવી ગઈ. કવિ જિતેન્દ્ર લખે છે કે, 'અમથી અમથી તું ટીચે છે એના ઉપર ચાંચ, આવ તને સમજાવું, ચકલી આ દર્પણનું સાચ...' આમ તો જ્યારે જ્યારે ચકલીની વાત નીકળે એટલે ર.પા.ની તકીયા કલામ જેવી રચના, 'તારો વૈભવ રંગમોલ સોનું ને ચાકર ધાડુ, મારે ફળીએ ચકલી બેસે તો મારું રજવાડું...' ફર ફર ઉડતી જેવી પ્રફુલ્લિત ચકલી જેવી લાગણી હૃદયમાં ભરી દેતી હોય છે.

ચકલી આમ તો માંસાહારી પંખી કહેવાય. જીવ-જંતુ અને પતંગીયા એનો પ્રિય ખોરાક છે. પરંતુ માનવ વસાહતમાં હળીમળીને રહેવાનો સ્વભાવ ધરાવતી ચકલીએ એની ફુડ હેબીટમાં પણ ધરમૂળથી બદલાવ કર્યો છે. દાણા, શાકભાજી, બાફેલા ચોખા વગેરે ચકલી ખાય છે. ભારત, અમેરિકા, આફ્રિકા, ન્યુઝીલેન્ડ ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં માનવ વસાહતો સાથે ચકલીઓએ રહેવાનું ચાલુ કરી દીધું છે. સામાન્ય રીતે શહેરી વિસ્તારોમાં છ પ્રજાતિની ચકલીઓ વધુ જોવા મળતી હોય છે. ચકલીને અંગ્રેજીમાં હાઉસ સ્પૈરો, સ્પેનિશ સ્પૈરો, સિંડ સ્પૈરો, રસેટ સ્પૈરો, ડેડ સી સ્પૈરો અને ટ્રી સ્પૈરોમાં વર્ગીકૃત કરવામાં આવી છે. ભારતમાં અલગ અલગ પ્રદેશમાં ચકીબેનના નામ પણ જુદા જુદા છે. હિન્દીમાં ગૌરૈયા, તામિલમાં કુરુવી, તેલુગુમાં પીચુકા, કન્નડમાં ગુબ્બાએહી, મહારાષ્ટ્રમાં ચિમની, જમ્મુ કાશ્મીરમાં ચેર, પંજાબીમાં ચૈરઈન કહે છે. ચકા રાણા એટલે કે નર ચકલી જગા શોધી માળો બનાવવાની જવાબદારી નીભાવી ચકી બહેનને આકર્ષિત કરવાનુ કાર્ય કરે છે. ચકલીઓનું સરેરાશ આયુષ્ય ૧૨થી ૧૪ વર્ષનું હોય છે. ચકલીઓની એક વિશેષતા એ પણ છે કે, એના જન્મથી સમગ્ર જીવનકાળ દરમિયાન બે કિલોમીટરની પેરીફેરીમાં જ રહે છે.

માનવમિત્ર એવું આ મઝાનું પંખી લુપ્ત થવાની કગાર ઉપર છે. રાહુલની જેમ સૌ કોઈએ યથાશક્તિ ચકલીઓના સંવર્ધનની દિશામાં સ્વયંભુ આગળ આવવાનો સમય પાકી ગયો છે. ડાળે-ડાળે ઘેલી-ઘેલી થઈને ઘૂમતી, ચીંચીં કરી વાતાવરણને આહલાદક બનાવી દેતી ચકલીઓ આપણી સાથે રહેવા થનગનતી હોય છે. આપણે એને પ્રેમથી સત્કાર આપવાનો છે. એની ચંચળતા અને મોજીલાપણાને હૃદયમાં સ્થાન આપવાનું છે. આગામી સમયમાં ચકલીઓની વસતી ઓછી થવાની ચિંતા ન થાય એ માટે આવનારી પેઢીને વધુ પ્રાણવાન બનાવવાની દિશામાં સૌએ જાગૃત પ્રયાસો કરવાના રહે.

**ધબકાર : 'ચકલીની ચીંચીં પર ઓવારી જાય મારી ઓસરીનો થાક, શૈશવ જો ઓચિંતુ આવી ભટકાય તો મારો શોં વાંક ?'**

**- અજ્ઞાત**